ગાંધીનગર સમાચાર



# પેટ્રોલમાં રૂપિયા ૩નો ઘટાડો

## આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડ ઓઈલની કિંમતમાં ઘટાડો થતાં લેવાયેલો નિર્ણય

ગાંધીનગર, તા. ૩૦

કાળઝાળ ગરમી અને કારમી મોંઘવારી વચ્ચે પીસાતી પ્રજા માટે રાહત આપનારા સમાચાર છે. સામાન્ય રીતે તો એકવાર કોઈપણ ચીજવસ્તુની કિંમતમાં વધારો થઈ ગયા બાદ ઘટાડો જોવા મળતો નથી. પરંતુ છેલ્લા કેટલાક સમયથી પેટ્રોલની કિંમતમાં ૫૦ પૈસાથી લઈને રૂપિયા ૨ નો ઘટાડો થયો છે. સામાન્ય પ્રજા માટે અત્યંત ખુશીના સમાચાર એ છે કે પેટ્રોલની કિંમતમાં પ્રતિ લિટર ૩ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. આંતરારાષ્ટ્રીય બજારમાં કાચા તેલની કિંમતમાં ઘટાડો થવાના કારણે તેલ કંપનીઓએ મંગળવારે પેટ્રોલની કિંમતમાં ૩ રૂપિયાનો ઘટાડો કરવાનો નિર્ણય કર્યો છે. નવા દર આજ મધરાતથી લાગુ થશે.

આ કિંમતમાં વેટનો સમાવેશ ન કરાયો હોવાના કારણે ઉપભોક્તાઓએ અલગ-અલગ રાજ્યમાં વેટના દરના તફાવતથી પેટ્રોલ વધુ ઓછી કિંમતે મળી શકશે. આ દરમિયાન સરકારી તેલ કંપનીઓએ ડિઝલની કિંમતમાં કોઈ વધારો નથી. કર્યો. સરકારી નિર્ણય અનુસાર ડીઝલના ભાવ દર મહિને ૪૦થી ૫૦ પૈસા પ્રતિલીટર વધારવામાં આવશે. આ યોજના મુજબ આ વધારો આજથી જ કરવામાં આવશે.

પેટ્રોલની કિંમતમાં આ અગાઉ ૨ જી એપ્રિલે ૮૫ પૈસા અને ૧૫મી એપ્રિલે ૧ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. આ અગાઉ ૧૬મી માર્ચે પેટ્રોલની કિંમતમાં પ્રતિલિટર ૨ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. પેટ્રોલની કિંમતમાં આંતરરાષ્ટ્રીય બજારમાં થતાં વધારા ઘટાડાને કારણે ભારતીય બજાર પર તેનીઅસર પડે છે. પેટ્રોલની કિંમત નક્કી કરવાના ઈરાદે લગભગ ૨૮ વાર સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. પરંતુ તેનાં વધુ વખત કિંમત વધારવામાં જ આવી હતી. માત્ર ૮ જ વખત પેટ્રોલની કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યો હતો.

સરકારે જાન્યુઆરી માસમાં તેલ કંપનીઓના ખર્ચથી ઓછી કિંમતે ડિઝલ વેચનારી અંડર રિકવરી ધીમેધીમે પૂરી કરવા માટે કિંમતમાં મામુલી વધારો કરવાની પરવાનગી આપી હતી.

### ગુજરાતમાં ૩.૭૫ ઘટયાં

# કોલગેટમાં સુપ્રીમની નારાજગીથી મનમોહનસિંહ સરકારમાં ભૂકંપ

નવી દિલ્હી,તા. ૩૦

મનમોહનસિંહના નેતૃત્વમાં કોંગ્રેસ સરકારને આજે મોટો ફટકો પડ્યો હતો કારણ કે કોલસા કૌભાંડને લઈને સીબીઆઈ અને સરકારની સુપ્રીમ કોર્ટ ભારે ઝાટકણી કાઢી હતી. દેશની સર્વોચ્ચ અદાલતે નારાજગી વ્યક્ત કરતા કહ્યુ હતુ કે જે રીતે કૌભાંડમાં તપાસ સાથે સંબંધિત તપાસના સ્ટેટસ રિપોર્ટને સરકારના લોકો સમક્ષ રજુ કરવામાં આવ્યો હતો તેનાથી સમગ્ર પ્રક્રિયાને ફટકો પડ્યો છે. સુપ્રીમે કહ્યુ હતુ કે કોલસા બ્લોક ફાળવણી અંગે તેના તપાસ અહેવાલને કાયદા પ્રધાન અને પીએમઓમાં કેટલાક ટોચના અધિકારીઓ સાથે વહેંચવાની બાબત ખૂબજ શરમજનક છે અને વિશ્વાસભંગની બાબત છે. સીબીઆઈના કૃત્યને મોટા વિશ્વાસભંગના મામલા તરીકે ગણાવીને કહ્યુ છે કે આના લીધે સમગ્ર તંત્ર હચમચી ઉઠ્યુ છે. સરકારે અમારો વિશ્વાસ તોડી દીધો છે. સ્ટેટસ રિપોર્ટ સરકાર સાથે વહેંચવાથી અમારી ચકાસણીની આધારશિલા પણ હચમચી ઉઠી છે. કોર્ટે કહ્યુ છે કે આ મામલામાં આગામી સુનાવણી આઠમી મેના દિવસે થશે. સુપ્રીમ કોર્ટના અતિ



કઠોર વલણથી સરકારમાં ભૂકંપની સ્થિતિ સર્જાઈ ગઈ છે. સુપ્રીમ કોર્ટની આ ટિપ્પણીથી સરકાર મુશ્કેલીમાં મુકાઈ ગઈ છે. એમ માનવામાં આવે છે કે કાયદા પ્રધાન અશ્વિની કુમારને રાજીનામુ આપવાની ફરજ પડી શકે છે. સુપ્રીમ કોર્ટની સુનાવણી બાદ જુદી જુદી મિટિંગોના દોર થયા હતા. સીબીઆઈના ડિરેકટર રણજિતસિંહાએ પણ ટોચના અધિકારીઓ સાથે નોર્થ બ્લોકમાં બેઠક બોલાવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે એડિશનલ સોલિસિટર જનરલે ૧૨મી માર્ચના દિવસે સુપ્રીમ કોર્ટમાં કહ્યુ હતુ કે સીબીઆઈના સ્ટેટસ અહેવાલને કોઈ પણ નેતા સાથે વહેંચવામાં આવ્યો ન હતો જ્યારે મોડેથી સીબીઆઈના ડિરેક્ટરે ૨૬મી એપ્રિલના દિવસે રજુઆતમાં કહ્યુ હતુ કે માંગણી કરવામાં આવ્યા બાદ અહેવાલ કાયદાપ્રધાન અશ્વિની કુમાર અને પીએમઓ તથા કોલસા મંત્રાલયના સંયુક્ત સચિવને દર્શાવવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટ અધિકારીઓના ગેરમાર્ગે દોરનાર નિવેદનને લઈને નારાજકી વ્યક્ત કરી છે. એડિશનલ સોલિસિટર જનરલે એટર્ની જનરલ જીઈ વડાણવટીને પત્ર લખીને કહ્યુ હતુ કે ગેરમાર્ગે દોરવાનું કૃત્ય થયુ છે. જસ્ટિસ રાજેન્દ્ર લોઢાની બેંચે સુનાવણી શરૂ થવાની સાથે જ સરકાર અને સીબીઆઈની સામે જોરદાર ટિપ્પણીઓ શરૂ કરી દીધી હતી. બેંચે સીબીઆઈ સામે પ્રશ્નોનો વરસાદ વરસાવ્યો હતો અને કહ્યુ હતુકે સરકારને સ્ટેટસ રિપોર્ટ બતાવવાની જરૂર શું હતી. સીબીઆઈના કયા મેન્યુઅલમાં લખ્યુ છે કે તેમના રિપોર્ટને કાયદામંત્રી નિહાળશે. આ મામલામાં અમને અંધારામાં કેમ રાખવામાં આવ્યા છે. સુપ્રીમ કોર્ટે આગળ પ્રશ્નો પુછતા જણાવ્યું છે કે સીબીઆઈ ડિરેક્ટરની રજુઆતમાં રિપોર્ટમાં ફેરફારને લઈને ઉલ્લેખ કેમ કરવામાં આવ્યો નથી. રિપોર્ટમાં કયા કયા ફેરફાર કરવામાં આવ્યા અને કોના કહેવા પર ફેરફાર કરવામાં આવ્યા તે અંગેની માહિતી આપવા સીબીઆઈને સૂચના આપી છે. કોર્ટે રિપોર્ટ નિહાળનાર બંને જોઈન્ટ સેક્રેટરીના નામ પણ માંગ્યા છે. કોર્ટના તમામ પ્રશ્નોના જવાબ સીબીઆઈને સોમવાર સુધી આપવા પડશે. સીબીઆઈની નિષ્પક્ષતા સાબિત કરવી પડશે. રાજકીય આકાઓના આદેશના આધાર પર સીબીઆઈ ન ચાલે તેવી સ્પષ્ટ સૂચના પણ આપવામાં આવી છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ સરકારે સીબીઆઈના ડિરેક્ટર રણજિત સિંહા પર દબાણ લાવ્યુ હતુ.

### તોયબા અને હિજબુલના ત્રાસવાદીઓ તૈયાર

# ખીણમાં ભારે આતંક મચાવવા ૩૫૦ આતંકવાદીઓ સુસજ્જ

નવી દિલ્હી,તા. ૩૦

કાશ્મીર ખીણ અને જમ્મુ કાશ્મીરના અન્ય ભાગોમાં હજુ પણ મોટી સંખ્યામાં આતંકવાદીઓ સક્રિય થયેલા છે. કેન્દ્ર સરકાર પણ માને છે કે કાશ્મીર ખીણમાં લશ્કરે તોયબા, જેશએમોહમંદ અને હિજબુલના ૩૫૦થી વધુ આતંકવાદીઓ છૂપાયેલા છે. આ આતંકવાદીઓ મોટા હુમલાઓને અંજામ આપવાની તૈયારીમાં છે. સરકારી સૂત્રોએ કહ્યું છે કે ખીણમાં ૩૫૦ આતંકવાદીઓ છે. આ આતંકવાદીઓમાં હુજી અને અન્ય સંગઠનના ત્રાસવાદીઓ પણ સામેલ છે. કેટલાક સ્થાનિક આતંકવાદીઓ પણ છે જે ઓવરગ્રાઉન્ડ થયેલા કાર્યકરોના સમર્થનથી કાર્ય કરી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા મુજબ આતંકવાદીઓની સરહદપારથી ઘૂસણખોરીને રોકવા માટે નવી વ્યૂહરચના અપનાવવામાં આવી છે જેના ભાગરૂપે સરહદ ઉપર વાડ લગાવવાની પ્રક્રિયા, સુરક્ષાદળોને અતિ આધુનિક હથિયારો આપવા અને આધુનિક સાધનો આપવાની બાબતનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વધુ સારી ગુપ્તચર સૂચનાઓ મળે તેની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. અંકુશ રેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર ઘૂસણખોરી માટે મહત્વપૂર્ણ ગણાતા માર્ગો ઉપર સુરક્ષાદળોની બહુસ્તરીય તૈનાતી પણ કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૧ના ગાળામાં ઘૂસણખોરીમાં ૨૦૧૦ની સરખામણીમાં ઘટાડો થયો હતો. અંદાજ મુજબ ૨૦૧૦માં ઘૂસણખોરીના ૪૭૯ પ્રયાસ થયા હતા. જ્યારે ૨૦૧૧માં ૪૯ ટકા ઘટાડો થયો હતો અને ૨૪૭ પ્રયાસો થયા હતા. જો કે ૨૦૧૨માં ઘૂસણખોરીમાં ૬.૮૮ ટકાનો વધારો થયો હતો. ઘૂસણખોરીના પ્રયાસની સંખ્યા વધીને ૨૬૪ ઉપર પહોંચી હતી. સૂત્રોનું કહેવું છે કે આતંકવાદી હિંસાની વાત કરવામાં આવે તો ૨૦૧૦માં આતંકવાદીઓની સાથે અથડામણમાં ૬૯ સુરક્ષા જવાન શહીદ થયા હતા અને ૪૭ નાગરિકો માર્યા ગયા હતા. આ અથડામણમાં ૨૩૨ આતંકવાદીઓ માર્યા ગયા હતા. ૨૦૧૧માં ૩૩ સુરક્ષા જવાન શહીદ થયા હતા. સુરક્ષાદળોએ ૧૦૦ આતંકવાદીઓને મોતને ઘાત ઉતારી દીધા હતા. આવી જ રીતે ૨૦૧૨માં ૧૫ સુરક્ષા જવાન શહીદ થયા છે. જ્યારે સુરક્ષાદળોએ કુલ ૭૨ આતંકવાદીઓને મોતને ઘાત ઉતારી દીધા છે.

# કતાર એરવેઝ પણ હવે ભારતમાં રોકાણ કરશે

નવી દિલ્હી,તા. ૩૦

ગલ્ફ કેરિયર કતાર એરવેઝ અને એર અરબિયા પણ હવે ભારતમાં મૂડીરોકાણ કરવા માટેની તૈયારીમાં છે. ઈતિહાદ દ્વારા જેટ એરવેઝમાં ૨૪ ટકા હિસ્સો ખરીદી લેવાનો નિર્ણય કરવામાં આવ્યા બાદ કતાર એરવેઝ અને એર અરબિયાએ પણ હવે તમામ તૈયારીઓ કરી લીધી છે. ગયા સપ્તાહમાં ઈતિહાદે ૨૦૫૮ કરોડ રૂપિયામાં જેટ એરવેઝમાં ૨૪ ટકા હિસ્સો ખરીદી લીધો હતો. કતાર એરવેઝ પ્રવર્તમાન ઈન્ડિયન કેરિયર સ્પાઈસજેટ અથવા ગો એરમાં મૂડીરોકાણ કરવાની યોજના ધરાવે છે. ઈન્ડિગો હાલમાં લો કોસ્ટના મામલામાં ખૂબ જ સફળ છે. ઉચ્ચસ્તરીય સૂત્રોએ કહ્યું છે કે હાલમાં જેની વિમાની સેવા બંધ છે તે કિંગફિશર એરલાઈન્સ પણ કતાર એરવેઝને પ્રભાવિત કરવાના પ્રયાસમાં છે. શારજહા સ્થિત લોકોસ્ટ કેરિયર એર અરબિયા પણ એર એશિયા ઈન્ડિયા જેમ જ તેની સેવા શરૂ કરવા યોગ્ય ભારતીય પાર્ટનરની શોધમાં છે. થોડાક સમય પહેલા જ એર એશિયા ઈન્ડિયા અને મલેશિયન બજેટ કેરિયર વચ્ચે સમજૂતી થઈ હતી. ભારતમાં મૂડીરોકાણ કરવા માટે ઘણી વિદેશી એરલાઈન્સના પ્રયાસ જારી છે. ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ અને અન્ય કેટલાક દુર્ગામી પૂર્વીય વિસ્તારો માટે ટ્રાફીકને પોતાની તરફ ખેંચવાના પ્રયાસ ચાલી રહ્યા છે.

# સરકાર સૌથી નબળી હોવાનો સુષ્માનો આક્ષેપ

નવી દિલ્હી,તા. ૩૦

કોલસા કૌભાંડમાં યુપીએ સરકાર મુશ્કેલીમાં આવી ગઈ છે. સરકારની તકલીફ સતત વધી રહી છે. સુપ્રીમ કોર્ટની સાથે સાથે આકરા પ્રહારો વિપક્ષ દ્વારા પણ કરવામાં આવી રહ્યા છે. ભાજપે યુપીએ સરકારની ઝાટકણી કાઢતા જણાવ્યું છે કે સરકાર તાજેતરના વર્ષોની સૌથી નબળી સરકાર તરીકે સાબિત થઈ છે. લોકસભામાં અને રાજ્યસભામાં આજે ભારે હોબાળો થયો હતો. લોકસભામાં ભાજપના નેતા સુષ્મા સ્વરાજે યુપીએ-૨ ની સરકારને સ્વતંત્ર ભારતની સૌથી ભ્રષ્ટ સરકાર ગણાવીને કહ્યુ હતુ કે જ્યારે પણ સંસદનું કોઈ નવું સત્ર શરૂ થાય છે ત્યારે કોઈ મોટુ કૌભાંડ સપાટી પર આવે છે. સુષ્માએ કહ્યુ હતુ કે કોલસા કૌભાંડમાં તપાસ અહેવાલમાં કાયદા પ્રધાને જરૂરી ફેરફાર કરાવ્યા હતા. સરકારે રાષ્ટ્રીય સંપત્તિ એટલે કે કોલસા પર લૂંટ ચલાવી છે. સુષ્માએ કહ્યુ હતુ કે અમે દેશહીતમાં સંસદની કામગીરીને ખોરવી રહ્યા છીએ. સાથે સાથે ભાજપે વોકઆઉટ પણ કર્યો હતો.



ભાજપની સાથે સાથે અન્ય રાજકીય પક્ષો પણ આક્રમક મૂડમાં આવી ગયા છે. રાજ્યસભામાં ભાજપના નાયબ નેતા રવિશંકર પ્રસાદે કહ્યુ હતુકે વડાપ્રધાને કોલસા કૌભાંડમાં પોતાની જવાબદારી સ્વીકારવી જોઈએ અને રાજીનામુ આપવું જોઈએ. પ્રસાદે કહ્યુ હતુ કે હજુ સુધી એવા અહેવાલ આવી રહ્યા હતા કે કાયદા પ્રધાન અશ્વિનીકુમાર અને પીએમઓના અધિકારીઓ અને અન્ય સીબીઆઈના અહેવાલને બદલી નાંખવામાં સંડોવાયેલા હતા પરંતુ હવે એવું પણ બહાર આવ્યુ છે કે સરકારના કાયદા અધિકારીઓ પણ બંધારણીય સંસ્થાઓ સાથે ચેડા કરી રહ્યા હતા.

આ ખૂબજ ગંભીર મામલો છે. સુષ્માએ કહ્યુ હતુ કે સંસદીય બાબતોના પ્રધાન અથવા લોકસભાના અધ્યક્ષ દ્વારા બોલાવવામાં આવનાર બેઠકોનો બહિષ્કાર કરવામાં આવશે. તેમણે કહ્યુ હતુકે પરિસ્થિતિ સંપૂર્ણપણે ભાંગી પડી છે અને સરકાર આના માટે જવાબદાર છે. સોનિયા ગાંધીના ઈશારે તમામ પ્રવૃત્તિ ચાલી રહી છે. જે નિર્ણય સોનિયા ગાંધી લઈ રહ્યા છે તે જ થઈ રહ્યુ છે.

## સમાચાર ઝલક

- ૬ઠ્ઠી મે સુધી સુપ્રીમકોર્ટે સીબીઆઇ સામે માંગેલો ખુલાસો.
- પાટણમાં ટેન્કર અકસ્માતમાં પાંચનાં મોત.
- મણીપુરમાં પોલીસ પાસેથી મોટા પ્રમાણમાં ડ્રગ્સ ઝડપાઇ.
- સૂરતની જેલમાં કેદીએ સાબુ ખાઇ આત્મહત્યાનો પ્રયાસ કર્યો.
- ગુપ્તચર એજન્સીનો અહેવાલ, સરબજીત સિંઘ પરનો હુમલાં તોયબાનો હાથ.
- અમદાવાદમાં વિશ્વ હિન્દુ પરિષદની કચેરીએ પોલીસ તપાસ.
- વેરાવળના દરિયા કિનારે ફિલિપાઇન્સના નાવિકને ઇજા.
- ભારતીય અર્થતંત્ર ૨૦૧૩-૧૪માં ૬% રહેશે : વિશ્વ બેંક
- ભારતનાં વિવિધ રાજયોની જેલમાં પાકિસ્તાની કેદીઓની સલામતી વધારાઇ.
- રાજકોટમાં આત્મવિલોપનનો પ્રયાસ કરનારની ધરપકડ.
- ધોરણ પહેલામાં પ્રવેશ અંગેનો મામલાની સરકાર સમીક્ષા કરશે.
- પ્રિ-મોનસૂન પ્લાનનો અમલ કરવા સિવીલ, મ્યુનિસિપલ કોર્પોરેશનને કોર્ટનો આદેશ.
- સીબીઆઇને રાજકીય દબાણ મુક્ત કરવી જોઇએ : સુપ્રીમ કોર્ટ.
- સૂજલામ્ સૂફલામની નહેરોનું પાણી છોડાયું, બનાસકાંઠા જિલ્લાનાં ખેડૂતોમાં આનંદની લહેર.
- રેલ્વે પ્લેટફોર્મ પર ટિકીટ બંધ થતાં યાત્રીઓને પારાવાર મુશ્કેલીઓ.
- મોડાસામાં મહિલા સહિત પાંચ ચોર પકડાયા. પોલીસે રિમાન્ડ પર લીધા.
- પરવેઝ મુશર્રફને આતંકવાદી ધારા હેઠળ જેલમાં ધકેલાયા.
- બાલાજી ફિલ્મની ઓફીસ પર 'ઇન્કમટેક્ષ'નાં દરોડા.
- ઓરિસ્સામાં જમીન વળતરની માગણી કરતા ખેડૂતો પર લાઠીચાર્જ

# આઈપીએલમાં આજે બે મેચ

હેદરાબાદ,તા. ૩૦

ઈન્ડિયન પ્રીમિયર લીગમાં આવતીકાલે કુલ બે મેચોની રોમાંચકતા ચાહકોને જોવા મળશે. જે પૈકીની પ્રથમ મેચ સનરાઈઝ હૈદરાબાદ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે રમાશે. આ મેચનું પ્રસારણ હૈદરાબાદથી સાંજે ૪ વાગ્યાથી કરાશે જ્યારે બીજી મેચ દિલ્હી ડેરડેવિલ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે રમાશે. આ મેચનું પ્રસારણ રાયપુરથી રાત્રે આઠ વાગ્યાથી કરવામાં આવશે. હૈદરાબાદમાં રમાનારી મુંબઈ અને હૈદરાબાદ વચ્ચેની મેચમાં મુંબઈ હોટ ફેવરિટ તરીકે મેદાનમાં ઉતરશે. મુંબઈ ઈન્ડિયન્સે હજુ સુધી નવ મેચો પૈકી છમાં જીત મેળવી છે અને ત્રણમાં હારનો સામનો કર્યો છે. તેના ૧૨ પોઈન્ટ છે. મુંબઈ ઈન્ડિયન્સે તેની છેલ્લી મેચમાં કિંગ્સ ઈલેવન પંજાબ ઉપર શાનદાર જીત મેળવી હતી. બીજી બાજુ હૈદરાબાદની ટીમ પોઈન્ટ ટેબલમાં નવ મેચો પૈકી પાંચમાં જીત સાથે ૧૦ પોઈન્ટ ધરાવે છે. તે પણ જીતવાના ઈરાદા સાથે ઘરઆંગણે મેદાનમાં ઉતરશે. સંગાકારાના નેતૃત્વમાં સનરાઈઝ હૈદરાબાદમાં શિખર ધવન, પાર્થિવ પટેલ, આશિષ રેડ્ડી, વિહારી, કેમરુન વાઈટ, ડેન સ્ટેન, ઈશાંત શર્મા, ડેરેન સમ્મી જેવા ઊભરતા અને આશાસ્પદ ખેલાડીઓ છે. આ તમામ ખેલાડીઓને સારા દેખાવોના લીધે ટીમ સતત સારો દેખાવ કરી રહી છે. અન્ય એક મેચ દિલ્હી અને કોલકાતા વચ્ચે રમાશે. ડેરડેવિલ્સની ટીમ ટેબલમાં ખૂબ પાછળ રહી ગઈ છે. આ ટીમે હજુ સુધી નવ પૈકીની માત્ર બેમાં જીત મેળવી છે. બીજી બાજુ કોલકાતાનો પણ દેખાવ ખૂબ નબળો રહ્યો છે. કોલકાતાએ નવ પૈકી ત્રણમાં જીત અને છમાં હારનો સામનો કર્યો છે. બંને ટીમો ટીકાકારોને શાંત કરવાના ઈરાદાથી મેદાનમાં ઉતરશે. હૈદરાબાદ ખાતે રમાનારી પ્રથમ મેચ અને રાયપુરમાં રમાનારી બીજી મેચને લઈને સાવચેતીના તમામ પગલાં લેવાયા છે. સુરક્ષા વ્યવસ્થા મજબૂત રાખવામાં આવી રહી છે.

# સુપરસ્ટાર સલમાને હાલમાં ૧૦ કિલોગ્રામ વજન ઉતાર્યુ

મુંબઈ,તા. ૩૦

બોલિવુડના સ્ટાર અભિનેતા સલમાન ખાને હાલમાં ૧૦ કિલો વજન ઉતાર્યુ હોવાનું જાણવા મળ્યુ છે. તબીબી સારવાર લેવાના હેતુસર સલમાન ખાન અમેરિકા જનાર છે. હાલમાં સલમાને ફિલ્મના કારણોસર આ વજન ઉતાર્યુ હોવાનું જાણવા મળ્યુ છે. કેટલાક લોકોનું એમ પણ કહેવું છે કે સલમાનને જે ચહેરા પર તકલીફ છે તે હાલમાં વધી છે. પરંતુ સલમાનના પરિવાર તરફથી આ સંબંધમાં કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી. પોતાની આગામી ફિલ્મના સેટ પર સલમાનની ફીટનેસ જુદી દેખાઈ રહી હતી. હાલમાં સલમાન મેન્ટલ ફિલ્મના શુટિંગમાં વ્યસ્ત બનેલો છે. આ ફિલ્મમાં શુટિંગ દરમિયાન સલમાન ખુબ સારા મૂડમાં દેખાયો હતો. ફિલ્મનું શુટિંગ ભારત અને વિદેશમાં કરવામાં આવનાર છે. વર્ષ ૨૦૧૩માં સલમાનની આ ફિલ્મ રજુ થનાર નથી પરંતુ ફિલ્મના શુટિંગને વહેલીતકે પૂર્ણ કરવાના પ્રયાસ ચાલી રહ્યા છે.

## નવાં ક્લેવર (પાના નં. ૪ નું ચાલુ)

સ્ટેશનથી બહાર આવતાં જ તેનો આશ્ચર્યનો પાર ન રહ્યો. અહીં સામે દેખાતી ઝૂંપડપટ્ટી ગાયબ હતી. મહાત્મા મંદિરની વિશાળતા અને ભવ્યતા જોતાં તે મંત્ર મુગ્ધ થઈ ગયો. બંને બાજુના રસ્તાઓ પર વાહનો દોડી રહ્યાં હતા. પોતે અહીં શા માટે આવ્યો છે. અંકિતા સાથે લગ્ન કરવા, તેની શું હાલત છે તે જોવા આ બધું વિચારતાં તેનું મન અસંમજનસમાં પડી ગયું.

સાંજ ઢળવા આવી હતી. દૂર દૂર પરેડના બેન્ડના અવાજો આવતા. તે ચાલતો ચાલતો 'ઘ-૪'ના બગીચા પાસે આવ્યો ત્યારે અંધારૂં થવાની તૈયારી હતી. તે ચાલતાં થાકી ગયો હોય તેમ તેને લાગ્યું. બાજુમાં બાંકડા પર સૂટકેશ મુકી તે ઉભો રહ્યો. હાથથી વાળ જરા સરખાં કર્યા અને ખિસ્સામાંથી રૂમાલ કાઢી ચશ્મા લુછ્યાં અને ફરી પહેલી લીધા પછી કંઇક વિચાર કરતો સેકટર-૧૬માં મકાનો તરફ ચાલવા લાગ્યો. તે અંકિતાના ઘેર આવ્યો. મામા બહાર ઉભા હતા.

'પગે લાગું છું, જય શ્રી કૃષ્ણ'

'અરે અમીત તું, સુખી થા, બેટા, આવ.. આવ.. અંદર' મામા ના શબ્દોમાં લાગણીની ભીનાશ હતી. પણ શબ્દોમાં ઉત્સાહ ન હતો. તે તેમની પાછળ ચાલ્યો અને ડ્રોઈંગ રૂમમાં જઈ બેઠો. મામી - ચ્હા - પાણી મુકીને જતાં રહ્યાં. ઘણી વાર સુધી બંને ચુપ બેસી રહ્યાં.

'કેમ છો? બા - બાપુજીની તબિયત તો સારી છે ને?' મામા એ વાતની શરૂઆત કરી.

'હાં', સારૂં છે પણ અંકિતા દેખાતી નથી.

મૌન, મામાએ લાંબો શ્વાસ લીધો. અંકિતાનું નામ સાંભળતાં આંખો ભીની થઈ ગઈ. તેમના આખા શરીરમાં જાણે કે ધ્રૂજારી આવી ગઈ. તેમને અમીતને ખભે હાથ મુકતાં બારણાં તરફ જોઈ કહ્યું. 'અમીતના ખભે હાથ મુકતા બારણા તરફ જોઈ કહ્યું.' 'અમીત, તારા ગયા પછી સ્નેહલ જામનગરમાં મેડિકલનાં અભ્યાસ કરવા લાગ્યો. અંકિતા ને પણ સારી જોબ મળી ગઈ હતી. જિંદગી ચાલતી રહેતી હતી. હાં, તેને મામી સાથે કયારેક ચણભણ થઈ જતી. પણ બીજું કંઈ નહીં.'

સ્નેહલનાં મેડિકલનો અભ્યાસ પૂરો થતાં એ પાછો આવવાનો હતો. તેથી તેને આવકારવા અંકિતા થનગનતી હતી. જો થોડા વખતથી થાકી જતી હતી પણ આવું થશે એ તો અમે કલ્પ્યુંય ન હતું. સ્નેહલ આવ્યો એમ સાંભળતાં જ એ બહાર દોડવા ગઈ જયાં જરાક આગળ ગઈ હશે ત્યાં જ...' મામાનું ગળું રૂંધાઈ ગયું. અમીત મામાની નજીક ગયો તેણે તેમના ખભા પર હાથ મૂક્યો અને પૂછ્યું, 'મામા પછી શું થયું?'

'અમીત, અંકિતા ત્યાં જ ઢળી પડી. તેને લોહીની ઉલ્ટી થઈ. સ્નેહલ આવી ગયેલો. અમે તાત્કાલિક તેને સિવિલમાં લઈ ગયા. અંકિતા એ એકવાર આંખો ખોલી સ્નેહલ તરફ જોયું. અને કાયમ માટે વિદાય લઈ જતી હતી. ડૉકટરે કહ્યું કે તેને કેન્સર હતું. અમીત આ સાંભળી ગમગીન થઈ ગયો. કેટલીયે વાર સુધી પથ્થરની મૂર્તિની જેમ બેઠો રહ્યો. પછી ધીમા પગલે ચાલતો થયો. તે બગીચામાં આવ્યો. અંધારૂં થતાં ચારે બાજુ રોશની અને લોકોની ચહલપહલથી બગીચો ધમધમતો. દૂર દૂર સંગીતની સૂરાવલીઓ સંભળાતી હતી. કારણ કે આજે ગુજરાતનો સ્થાપના દિવસ હતો. વાહનો અને લોકોનાં ટોળા હસી મજાકને મસ્તી કરતાં આસપાસથી પસાર થતાં હતા. ત્યારે અમીતના મનમાં અંધકાર છવાઈ ગયો. તે ગમગીન બગીચાના ટેકરા પર બેઠો હતો. બગીચાની લોનમાં આળોટતી અંકિતા, ભાઈ માટે ઝઘડો વહોરી લેતી અંકિતા, કૉલ સેન્ટરમાં કામ કરતી અને આધુનિક યુવતીના સ્વાંગમાં જોયેલી અંકિતા... કેટલાં બધાં દશ્યો તેના માનસ પટ પર પસાર થતાં હતા... કેટલાં બધાં દશ્યો તેના માનસ પટ પર પસાર થતાં હતા. તે દૂર દૂર સુધી ફેલાયેલી રોશનીને જોઈ રહ્યો શૂન્ય નજરે...'

- vanvihari@gmail.com